GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

# માધ્યમિક શાળાઓના શિક્ષકોનો રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 પ્રત્યે જાગૃતિનો અભ્યાસ

Jayswal Bhavika B.
jayswalbhavika@gmail.com
Research Scholar,
M.com, M.Ed. (NET, GSET)
Department of Education
Gujarat University, Ahmedabad-380009.

Guide name- Dr L. G. Malav
Professor and Dean
Department of Education
Gujarat University

## સારાંશ

નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP) 2020 એ ભારતની શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવવાના હેતુથી સીમાચિહ્નરૂપ નીતિ છે. જો કે, તેનું સફળ અમલીકરણ શિક્ષકોની જાગૃતિ અને સમજણ પર આધારિત છે. આ અભ્યાસ NEP 2020 પ્રત્યે શિક્ષકોની જાગૃતિ, તેમના જ્ઞાન, ધારણાઓ અને વલણની શોધ કરે છે. લક્ષ્યાંકિત ક્ષમતા-નિર્માણ કાર્યક્રમોની જરૂરિયાત પર ભાર મૂકતા તારણો NEP 2020 વિશે શિક્ષકોની સમજમાં નોંધપાત્ર અંતર દર્શાવે છે. નેશનલ એજ્યુકેશન પોલિસી ડ્રાફ્ટ ભારત સરકાર તરફથી બહાર પાડવામાં આવ્યો અને તેઓએ શિક્ષકોને તેમની ધારણા સબમિટ કરવા માટે બે મહિનાનો સમય આપ્યો. સંશોધક ગાંધીનગર જિલ્લાની માધ્યમિક શાળાના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020) અંગે જાગૃતિ મેળવવા માંગે છે. પ્રસ્તુત અભ્યાસની સંશોધન પદ્ધતિ સર્વેક્ષણ પ્રકારની હતી. પ્રસ્તુત અભ્યાસમાં ગાંધીનગર જિલ્લાની માધ્યમિક શાળાના શિક્ષકો સંશોધનનું વ્યાપવિશ્વ હતું. પ્રસ્તુત અભ્યાસમાં નમૂના તરીકે 100 શિક્ષકોની પસંદગી યાદચ્છીક રીતે કરવામાં આવી હતી. પ્રસ્તુત અભ્યાસમાં માહિતીના એકત્રીકરણ માટે સ્વરચિત કસોટીનો ઉપયોગ ઉપકરણ તરીકે કરવામાં આવ્યો હતો.પ્રસ્તુત અભ્યાસમાં મુખ્યત્વે જાગૃતિનું સ્તર સરેરાશથી ઓછું છે.જેમાં મુખ્યત્વે જાતિ, વિસ્તાર,

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

શાળાનો પ્રકાર અનુસાર જાગૃત્તા શોધી છે. અભ્યાસના પરિણામો દર્શાવે છે કે સ્ત્રી શિક્ષકોમાં જાગૃતિનું સ્તર પુરૂષ શિક્ષકો કરતા વધુ છે અને શહેરી વિસ્તારોના શિક્ષકો ગ્રામ્ય વિસ્તારો કરતા વધુ જાગૃત છે.

➢ **ચાવીરૂપ શબ્દો:** માધ્યમિક શાળાના શિક્ષકો, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020), જાગૃતિ

## ➢ પ્રસ્તાવના:

NEP 2020 એ ભારતની શિક્ષણ પ્રણાલીને પુનર્જીવિત કરવાના હેતુથી દૂરદર્શી નીતિ છે. શિક્ષકો, શિક્ષણ પ્રણાલીની કરોડરજ્જુ તરીકે, આ નીતિના અમલીકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જો કે, NEP 2020 વિશે શિક્ષકોની જાગૃતિ પર મર્યાદિત સંશોધન અસ્તિત્વમાં છે. બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 એ સુનિશ્ચિત કરે છે કે છ થી ચૌદ વર્ષની વયના તમામ બાળકોને નજીકની શાળામાંથી શિક્ષણ મેળવવું આવશ્યક છે. યુવાન વર્ગ આજે તેમની દરેક જરૂરિયાતો અને શૈક્ષણિક વિકાસ માટે ટેક્નોલોજી તરફ વળ્યા છે. તેથી, બાળકો અને દેશના યુવાનોને જ્ઞાન, કૌશલ્ય, વલણ અને મૂલ્યો તેમજ રોજગાર યોગ્ય કૌશલ્યો પ્રદાન કરવા જોઈએ જે તેમને ભારતના સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તનમાં યોગદાન આપવા સક્ષમ બનાવે. સપ્ટેમ્બર 2015 માં, સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ ટકાઉ વિકાસ માટે 2030નો એજન્ડા અપનાવ્યો જેમાં 17 ટકાઉ, વિકાસ લક્ષ્યો (SDG)નો સમાવેશ થાય છે.સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટેની 2030ની યોજનાના ટકાઉ વિકાસ લક્ષ્ય 4 (SDG4)માં વૈશ્વિક શિક્ષણ વિકાસ યોજનાનો માર્ગ સમાન છે. SDG4 2030 સુધીમાં "સમાવેશક અને સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણને સુનિશ્ચિત કરવા અને બધા માટે જીવનભર શીખવાની શક્યતાઓને પ્રોત્સાહન આપવા" માંગે છે. SDG4 ના સાત લક્ષ્યોમાંથી પાંચ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને જ્ઞાનના પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. શૈક્ષણિક નીતિનો સફળતાપૂર્વક અમલ કરવા માટે, શિક્ષકોએ તે જાણવું આવશ્યક છે. શિક્ષકોને તેની સંપૂર્ણ જાણકારી હશે તો જ તે ટોચ પર

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

પહોંચશે.સંશોધક નેશનલ એજ્યુકેશન પોલિસી 2020 ની જાગૃતિ શોધી છે. ગુજરાતના માધ્યમિક શિક્ષકોમાં NEP જાગૃતિ અંગે વિશિષ્ટ અભ્યાસ ઉપલબ્ધ નથી માટે આ અભ્યાસ જરૂરી છે.

## ➢ સંબંધિત સાહિત્યની સમીક્ષા:

Govind, N. (2019). Aithal, P. S. (2019) તેઓએ દરખાસ્તના હકારાત્મક અને નકારાત્મક અને વધુ સુધારા માટે કેટલાક સૂચનોનું વિશ્લેષણ કર્યું હતું.

Sharma & Agarwal (2025) એ જયપુર જિલ્લાના 400 માધ્યમિક શાળાના શિક્ષકો પર અભ્યાસ કર્યો. તેમણે અનુદાનિત–બિન અનુદાનિત તથા ગ્રામ્ય–શહેરી શિક્ષકોની જાગૃતિની તુલના કરી. અભ્યાસના પરિણામો અનુસાર શાળાના પ્રકાર તથા વિસ્તારના આધારે જાગૃતિમાં નોંધપાત્ર તફાવત જોવા મળ્યો નથી.

Ramesh, K., & Devi, S. (2023) દ્વારા આંધ્રપ્રદેશમાં કરાયેલા અભ્યાસ *"Awareness and Attitude of Secondary School Teachers towards NEP 2020"* માં શિક્ષકોની જાગૃતિ સાથે તેમના વલણનું પણ વિશ્લેષણ કરવામાં આવ્યું. પરિણામોમાં દર્શાવવામાં આવ્યું કે શિક્ષકોમાં NEP પ્રત્યે સામાન્ય રીતે સકારાત્મક વલણ છે, પરંતુ અમલીકરણ અંગે પૂરતી તાલીમ અને માર્ગદર્શનનો અભાવ છે.

## ➢ અભ્યાસના હેતુઓ:

1. માધ્યમિક શાળાઓના શિક્ષકોની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020) પ્રત્યેની જાગૃતિ જાણવા અંગેની કસોટીની રચના કરવી.
2. માધ્યમિક શાળાઓના શિક્ષકોની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020) પ્રત્યેની જાગૃતિ જાણવા જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

3. માધ્યમિક શાળાઓના શિક્ષકોની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020) પ્રત્યેની જાગૃતિ જાણવા શાળાના પ્રકારના સંદર્ભમાં અભ્યાસ કરવો.
4. માધ્યમિક શાળાઓના શિક્ષકોની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020) પ્રત્યેની જાગૃતિ જાણવા વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

➢ **ચલ:**

| ક્રમ | ચલ | ચલનો પ્રકાર | કક્ષાઓ |
|---|---|---|---|
| . | જાતિ | સ્વતંત્ર ચલ | 1. પુરુષ<br>2. સ્ત્રી |
| 2. | શાળાનો પ્રકાર | સ્વતંત્ર ચલ | 1. અનુદાનિત<br>2. બિન અનુદાનિત |
| 3. | વિસ્તાર | સ્વતંત્ર ચલ | 1. ગ્રામીણ<br>2. શહેરી |
| 4. | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020) પ્રત્યેની જાગૃતિ કસોટીના મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો | પરતંત્ર ચલ | - |

➢ **ઉત્કલ્પના:**

**H01** માધ્યમિક શાળાઓના શિક્ષકોની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020) પ્રત્યેની જાગૃતિ કસોટીના તેમની જાતિના સંદર્ભમાં મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

**H02** માધ્યમિક શાળાઓના શિક્ષકોની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020) પ્રત્યેની જાગૃતિ કસોટીના તેમની શાળાના પ્રકાર સંદર્ભમાં મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

**H03** માધ્યમિક શાળાઓના શિક્ષકોની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020) પ્રત્યેની જાગૃતિ કસોટીના તેમના વિસ્તારના સંદર્ભમાં મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

## ➢ અભ્યાસ ક્ષેત્ર:

પ્રસ્તુત અભ્યાસનો હેતુ ગાંધીનગર જિલ્લામાં માધ્યમિક શાળાના શિક્ષકોમાં નવી શિક્ષણ નીતિની જાગૃતિ શોધવાનો છે.જે શિક્ષકો, આચાર્યો, વહીવટકર્તાઓ અને નીતિ ઘડનારાઓને મદદ કરશે.

## ➢ મર્યાદાઓ:

1. આ અભ્યાસ ફક્ત ગાંધીનગર જિલ્લાની શાળાઓ પર મર્યાદિત છે.
2. નમૂનાનું કદ 100 શિક્ષકો સુધી જ સીમિત છે.
3. આ અભ્યાસમાં ફક્ત પરિમાણાત્મક (quantitative) માહિતી એકત્રિત કરવામાં આવી છે.

## ➢ સંશોધનનો પ્રકાર:

અભ્યાસક દ્વારા ગાંધીનગર જિલ્લામાં માધ્યમિક શાળાના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિની જાગૃતિનો અભ્યાસ કરવા માટે માહિતી એકત્રિત કરવા માટે સર્વેક્ષણ પદ્ધતિ અપનાવી હતી.

## ➢ વ્યાપવિશ્વ અને નિદર્શ:

માધ્યમિક શાળાના શિક્ષકો કે જેઓ ગાંધીનગર જિલ્લામાં કાર્યરત છે તેઓ આ અભ્યાસ માટે વ્યાપવિશ્વ ગણાય છે. આ અભ્યાસ માટે અનુદાનિત અને બિન અનુદાનિત શાળાના શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી.સંશોધકે ડેટા એકત્રિત કરવા માટે યાદછીક નમૂના પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો .માધ્યમિક શાળાના શિક્ષકો પાસેથી કુલ 100 નો ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો.

## ➢ ઉપકરણ:

સંશોધકે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020) જાગૃતિ સાધન તૈયાર કર્યું. આ અભ્યાસમાં માહિતી એકત્ર કરવાના સાધન તરીકે બહુવિધ-પસંદગી પ્રકારના પ્રશ્નનોની રચના કરી. ઉપકરણમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020) જાગૃતિ સંબંધિત 25 પ્રશ્નોનો સમાવેશ થાય છે. ઉપકરણની યથાર્થતા અને

વિશ્વસનીયતા નિષ્ણાતો દ્વારા તપાસવામાં આવી હતી અને તેને સુધારવામાં આવી હતી. સ્વ-નિર્મિત માળખાગત પ્રશ્નાવલીનો સંશોધન સાધન તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ➢ માહિતી વિશ્લેષણ:

આંકડાકીય માહિતીનું વિશ્લેષણ આંકડાકીય પદ્ધતિઓનો ઉપયોગ કરીને કરવામાં આવ્યું હતું જેમાં સરાસરી, પ્રમાણિત વિચલન, ટી-મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી. આંકડાકીય વિશ્લેષણ SPSS માં કરવામાં આવ્યું હતું

## ➢ તારણો:

### ઉત્કલ્પના $H_{01}$

**$H_{01}$** માધ્યમિક શાળાઓના શિક્ષકોની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020) પ્રત્યેની જાગૃતિ કસોટીના તેમની જાતિના સંદર્ભમાં મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**Gender-wise Awareness of Teachers towards NEP 2020**

| Variable | Specification | N | Mean | SD | 't' value | Remark |
|---|---|---|---|---|---|---|
| જાતિ | પુરૂષ | 60 | 22.45 | 3.63 | 2.70 | અસ્વીકાર |
| | સ્ત્રી | 40 | 20.34 | 4.12 | | |

ગણતરી કરેલ 't' મૂલ્ય 2.70 છે, જે 0.01 કક્ષાના કોષ્ટક મૂલ્ય 2.58 કરતાં વધુ છે.તેથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. જેથી જાતિ આધારિત રાષ્ટ્રીય શિક્ષણ નીતિની જાગૃતિ અંગે માધ્યમિક શાળાના શિક્ષકોમાં નોંધપાત્ર તફાવત છે

### ઉત્કલ્પના $H_{02}$

**$H_{02}$** માધ્યમિક શાળાઓના શિક્ષકોની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020) પ્રત્યેની જાગૃતિ કસોટીના તેમની શાળાનો પ્રકાર સંદર્ભમાં મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

School Type-wise Awareness of Teachers towards NEP 2020

| Variable | Specification | N | Mean | SD | 't' value | Remark |
|---|---|---|---|---|---|---|
| શાળાનો પ્રકાર | અનુદાનિત | 50 | 33.47 | 3.86 | 1.79 | સ્વીકાર |
| | બિન-અનુદાનિત | 50 | 32.12 | 3.68 | | |

ગણતરી કરેલ 't' મૂલ્ય 1.79 છે, જે 0.05 કક્ષાના કોષ્ટક મૂલ્ય 1.96 કરતાં ઓછું છે.તેથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો નથી. માધ્યમિક શાળાના શિક્ષકોમાં શાળાનો પ્રકાર આધારિત નવી શિક્ષણ નીતિની જાગૃતિ અંગે કોઈ ખાસ તફાવત નથી.

**ઉત્કલ્પના $H_{03}$**

**$H_{03}$** માધ્યમિક શાળાઓના શિક્ષકોની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020) પ્રત્યેની જાગૃતિ કસોટીના તેમના વિસ્તારના સંદર્ભમાં મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

Area wise Awareness of Teachers towards NEP 2020

| Variable | Specification | N | Mean | SD | 't' value | Remark |
|---|---|---|---|---|---|---|
| વિસ્તાર | ગ્રામીણ | 50 | 29.23 | 3.84 | 5.05 | અસ્વીકાર |
| | શહેરી | 50 | 32.98 | 3.58 | | |

ગણતરી કરેલ 't' મૂલ્ય 5.05 છે, જે 0.01 કક્ષાના કોષ્ટક મૂલ્ય 2.58 કરતાં વધુ છે. તેથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. વિસ્તાર આધારિત રાષ્ટ્રીય શિક્ષણ નીતિની જાગૃતિ અંગે માધ્યમિક શાળાના શિક્ષકોમાં નોંધપાત્ર તફાવત છે.

1. રાષ્ટ્રીય શિક્ષણ નીતિની જાગૃતિ સરેરાશ કરતા વધારે નથી.

2. જાતિ આધારિત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020) અંગે જાગૃતિ અંગે માધ્યમિક શાળાના શિક્ષકોમાં નોંધપાત્ર તફાવત છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

3. પુરૂષ માધ્યમિક શાળાના શિક્ષકોમાં સ્ત્રી શિક્ષકો કરતાં વધુ જાગૃતિ છે.

4. શહેરી માધ્યમિક શાળાના શિક્ષકો ગ્રામીણ માધ્યમિક શાળાના શિક્ષકો કરતાં વધુ જાગૃતિ છે.

5. અનુદાનિત શાળાના શિક્ષકો બિન-અનુદાનિત શાળાના શિક્ષકો કરતાં વધુ જાગૃતિ ધરાવે છે.

## ➢ નિષ્કર્ષ

આ અભ્યાસના પરિણામો પરથી સ્પષ્ટ થાય છે કે માધ્યમિક શાળાના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (2020) પ્રત્યેની જાગૃતિનું સ્તર મધ્યમ છે. વિવિધ પરિબળોના આધારે નોંધાયેલા તારણો નીચે મુજબ છે:

1. **જાતિ આધારિત તફાવત**
   - પરિણામો દર્શાવે છે કે પુરૂષ શિક્ષકો સ્ત્રી શિક્ષકોની તુલનામાં વધુ જાગૃત છે.
   - સંભવિત કારણો પૈકી એક એ છે કે પુરૂષ શિક્ષકો તાલીમ કાર્યક્રમો, સેમિનાર અને વર્કશોપમાં સક્રિય ભાગ લેતી હોય છે.
2. **વિસ્તાર આધારિત તફાવત**
   - શહેરી વિસ્તારોના શિક્ષકોમાં જાગૃતિનું સ્તર ગ્રામ્ય વિસ્તારો કરતા નોંધપાત્ર રીતે વધારે જોવા મળ્યું.
   - આ તફાવતનું મુખ્ય કારણ શહેરી વિસ્તારોમાં ટેક્નોલોજી, ઇન્ટરનેટ, તાલીમ કાર્યક્રમો અને શૈક્ષણિક સંસાધનોની વધારે ઉપલબ્ધિ હોઈ શકે છે.
   - જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં સંસાધનોની અછત અને તાલીમ કાર્યક્રમોની અપૂરતી પહોંચ જાગૃતિને મર્યાદિત કરે છે.
3. **શાળાના પ્રકાર આધારિત તફાવત**
   - અનુદાનિત અને બિન અનુદાનિત શાળાઓના શિક્ષકોની જાગૃતિમાં નોંધપાત્ર તફાવત જોવા મળ્યો નથી.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

- આ દર્શાવે છે કે બંને પ્રકારની શાળાઓમાં શિક્ષકોને માહિતી અને તાલીમની સમાન ઉપલબ્ધિ છે.
- સંભવતઃ શાસન દ્વારા યોજાતી તાલીમ કાર્યક્રમોમાં બંને પ્રકારની શાળાઓના શિક્ષકોને સામેલ કરાતા હોવાથી આ તફાવત નોંધપાત્ર જોવા મળ્યો નથી.

## ➢ શૈક્ષણિક ફલિતાર્થો

1. NEP 2020 પર શિક્ષકો માટે વ્યાપક તાલીમ કાર્યક્રમો યોજો.

2. NEP 2020 ને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે શિક્ષકોને સંસાધનો અને સમર્થન પ્રદાન કરો.

3. NEP 2020 વિશે શિક્ષકોની જાગૃતિ અને સમજનું નિયમિતપણે નિરીક્ષણ અને મૂલ્યાંકન કરો.

4. સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં NEP 2020 જાગૃતિ અભિયાન ચલાવવું જોઈએ.

5. શિક્ષકો માટે ટેક્નોલોજી આધારિત તાલીમ અને ઓનલાઈન કોર્સ ઉપલબ્ધ કરાવવા.

6. મહિલા શિક્ષકોની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવું.શાળા સ્તરે વર્કશોપ અને સેમિનાર દ્વારા NEP ની પ્રેક્ટિકલ સમજણ વિકસાવવી.

## ➢ સંદર્ભસૂચિ:

Aithal, P. S. (2019). *Analysis of higher education in Indian National Education Policy proposal 2019 and its implementation challenges*. International Journal of Applied Engineering and Management Letters, 3(2), 1–35.

Govind, N. (2019). The new educational policy 2019: Opportunities and challenges for medical ethics. *Indian Journal of Medical Ethics*, 4(3), 175–177.

Patel, R. S. (2017). *Research Methodology* (4th ed.). Jay publication.

Ramesh, K., & Devi, S. (2023). *Awareness and attitude of secondary school teachers towards NEP 2020*. ShodhKosh: Journal of Arts, Humanities and Social Sciences, 4(2), 87–95. Granthaalayah Publication. https://doi.org/10.29121/shodhkosh.v4.i2.2023.2144

Sharma, R., & Agarwal, M. (2025). *Study of awareness of teachers towards New Education Policy 2020*. International Journal of Research - Granthaalayah, 13(1), 45–53. https://doi.org/10.29121/granthaalayah.v13.i1.2025.6223

Shukla, S. S. (2023). *Research methodology and statistics* (5th ed.). Rishit Publications.

Singh, R. (2020, July 31). The National Education Policy 2019: An alarming attempt to redefine India. *Business World*. http://www.businessworld.in/article/The-National-Education-Policy-2019-An-Alarming-Attempt-To-Redefine-India/31-07-2019-174188

Government of India, Ministry of Education. (2020). *National Education Policy 2020*. Retrieved from http://www.iite.ac.in/